हिंदुस्ताननी भूगोळ विद्या.

છપાવી પ્રસિદ્ધ કરનાર

गोवनंजी लक्ष्मीराम द्विवेदी

आसि. तालुका स्कूल वढवाण

વઢવાણ--કાઠિયાવાડ.



અમદાવાદ

મામાની હવેલીમાં યુ૦ પ્રિ૦ અને જ૦ એ૦ કંપની

ના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપી.

સને ૧૮૮૫.

કીમ્મત ત્રણ આના

हिंदुस्ताननी भूगोळ विद्या.

છપાવી પ્રસિદ્ધ કરનાર

गोवनजी लक्ष्मीराम द्विवेदी
आसि. तालुका स्कूल वढवाण
વઢવાણ—કાઠિયાવાડ.



અમદાવાદ:
મામાની હવેલીમાં યુનાઇટેડ પ્રી૦ અને જ૦ એ૦
કંપનીના પ્રેસમાં રણછોડલાલ ગંગારામે છાપી.
સંવત ૧૯૪૧. સને ૧૮૮૫.
કિમ્મત ત્રણ આના.

ભુગોળની અંદર આવેલા કેટલાએક શબ્દોનો મુકાબલો.

(૧) બે મોટા જમીનના ભાગને જે નાનો જમીનનો ભાગ સાંધે તેને સંયોગીભૂમિ કહેછે; અને બે મોટા પાણીના ભાગને જે નાનો પાણીનો ભાગ સાંધે તેને સામુદ્રધુની કહેછે.

(૨) ચારે તરફ પાણી ને વચમાં જમીન હોય તેને બેટ; અને ચારે તરફ જમીન ને વચમાં પાણી હોય તેને સરોવર કહેછે.

(૩) જમીનની અણી લાંબી થઇને સમુદ્રમાં ગઇ હોય તેને ભૂશિર; અને સમુદ્રની અણી લાંબી થઇને જમીનમાં ગઇ હોય તેને અખાત કહેછે.

(૪) જે મુલક દરિઆની સપાટીથી ઉંચો હોય તેને ઉંચ પ્રદેશ; ને નીચો હોય તેને નીચપ્રદેશ કહેછે.

(૫) જ્યાં નદી મળે ત્યાં મુખ; ને જે ઠેકાણેથી નીકળે ત્યાં નદીનું મૂળ કહેવાય છે.

(૬) અખાત ને ઉપસાગરમાં ફેર એટલોજ કે અખાતનું મોઢું સાંકડું હોયછે. ને ઉપસાગરનું મોઢું પહોળું હોયછે.

(૭) જે ઉંચી જગાએથી જુદી જુદી દીશામાં પાણી વહે તેને જળાશય કહેછે.

(૮) બે નદી (પાણી) વચેના દેશને દુઆબ કહેછે.

(૯) ડેલ્ટા એ ગ્રીક ભાષાનો શબ્દ છે. નદી સમુદ્રને મળતા પહેલાં તેના મુખ પાસે જે ત્રીકોણ પ્રદેશ થાય તેને ત્રીકોણ પ્રદેશ અથવા ડેલ્ટા કહેછે.

(૧૦) નદી મંડળ એટલે એકજ દીશામાં ઘણી નદી-ઓનું વહેવું.

(૧૧) નદી અને ખાડીમાં ફેર એટલોજકે ખાડીનું મોઢું નદી કરતાં પહોળું હોયછે.

(૧૨) ખાડી એટલે નદીના મુખમાં થઇને જે સમુદ્રનો પ્રવાહ જમીન પર જાયછે તે, તેને બારૂ પણ કહેછે, ને ત્યાંથી માલની ચઢ ઉતર થાયછે.

(૧૩) દ્વીપકલ્પથી અખાત તથા ઉપસાગર ઉલટા છે. કારણકે દ્વીપકલ્પને ત્રણે તરફ પાણી હોયછે ને અખાતને ત્રણે તરફ જમીન હોયછે.

(૧૪) સમુદ્ર અથવા સાગર એટલે જમીનને લગતો જે મહાસાગરનો ભાગ હોય તે; કેટલાક સમુદ્રને ત્રણ બા-જુએ જમીન વીંટાએલી હોયછે.

(૧૫) ચોપીઆમાંનો પ્રદેશ એટલે કેટલીક નદીઓને તેમના મુખ પાસે ફાંટા ફુટેછે, તે ફાંટાનો જે વચલો પ્રદે-શ તે. ડેલ્ટાનું બીજું નામ ચોપીઆમાંનો પ્રદેશ કહીએ તો કહેવાય.

(૧૬) ભરતખંડ એ નામ આગળ ભરત નામે રાજા થઇ ગએલ તે ઉપરથી પડેલ છે.

હિંદુસ્તાન.

ભરતખંડ, હિંદુસ્તાન કે આર્યાવૃત—એ ત્રણ ખુણીઓ દેશ હિમાલયથી કન્યાકુમારી સુધી ૧૯૦૦ મૈલ લાંબો ને સિંધથી આશામ સુધી પહોળો ૧૮૦૦ મૈલ છે. તેનું ક્ષેત્રફળ ૧૫૮૨૧૨૦ ચોરસમૈલ છે. તથા વસ્તી ૨૫ાા કરોડ માણ[redacted] છે. એની ઉત્તરે હિમાલય પર્વત ને કારાકોરમના ડુંગર, દક્ષિણે હિંદી મહાસાગર, પૂર્વે બ્રહ્મ દેશના ડુંગરા, બંગાળાનો ઉપસાગર, પશ્ચિમે આરબી સમુદ્ર, હાલા ને સુલેમાન પર્વત છે. દરેક દીશામાં તેથી વધારે આઘા જઇએ તો ઉત્તરે તિબેટ તથા તાર્તરીનો થોડો ભાગ. પૂર્વે બ્રહ્મ દેશ, પશ્ચિમે અફઘાનીસ્તાન તથા બલુચિસ્તાન આવેછે.

વિંધ્યાચળ પર્વતે કરીને તેના બે ભાગ થએલા છે. ઉતર તરફના ભાગને હિંદુસ્તાન ને દક્ષિણ તરફના ભાગને દક્ષિણ અથવા દખણ કહેછે. તે દખણ દીપકલ્પ છે ને તેનો આકાર ભાલોડાના જેવો છે.

ઉત્તર હિંદુસ્તાનના સ્વાભાવિક છ ભાગ કરી શકાય. (૧) હિમાલયની તળેટીનો ઢળતો પ્રદેશ. (૨) સિંધુનો પ્રદેશ (૩) રેતીનું રણ (૪) મધ્ય હિંદુસ્તાન ને રજપુતાનાનો ઊંચ પ્રદેશ. (૫) ગંગા નદીનો પ્રદેશ (૬) બ્રહ્મપુત્રા નદીનો પ્રદેશ. ઉત્તર હિંદુસ્તાનની પેઠે દક્ષિણના પણ સ્વાભાવિક ચાર ભાગ થઇ શકે (૧) નર્મદાની દક્ષિણનો પ્રદેશ (૨)

સુદ્ધ દક્ષિણ (૩) પૂર્વ કાંઠાની નીચાણનો પ્રદેશ (૪) પશ્ચિમ કાંઠાની નીચાણનો પ્રદેશ.

ઉપર લખ્યા તે ભાગ દેશના સ્વરૂપ ઉપરથી પાડ્યા છે. પણ રાજ્યક્રિય તો મુખ્ય ચૌદ ભાગ છે.

હિંદુસ્તાનની આસપાસ જે દેશો આવેલા છે તેની થોડી થોડી હકીકત.

તિબેટ. તેના રાજધાની લાસા છે, તેમાં હીંદુ જાત્રાનું જે પવિત્ર સરોવર માન કહેવાય છે તે આવેલું છે. તેમાંથી સતલજ વગેરે નદીઓ નીકળે છે. તેમાં બૌધ ધર્મ ચાલે છે. એ દેશ આખી દુનિઆમાં ઊંચામાં ઊંચોછે

બલુચિસ્તાન. તેની રાજધાનીનું શેહેર ખીલાત છે તેમાં મુસલમાન લોક વસે છે. તેઓ બોલનઘાટને માર્ગે હિંદુસ્તાનમાં ચામડાં, ઊંન વગેરે વેચવા આવેછે. ને તેને બદલે ત્યાંથી કાચો માલ લઇ જાયછે.

અફ્ઘાનિસ્તાન. તેમાં મુસલમાની રાજ છે તેની રાજધાનીનું શેહેર કાબુલ છે. ગીજની, કંદહાર, હેરાત વગેરે શેહેર પણ તેમાં આવેલાં છે. ગીજની તથા ગોરી વંશના રાજા પણ તેમાંજ રાજ કરતા હતા. એ અફ્ગાન લોકો ખૈબર ઘાટની વાટે પંજાબ જોડે વેપાર કરેછે. સૂકા મેવો, ઘોડા વગેરે આપીને તેને બદલે કાપડ તથા બીજો માલ લઇ જાયછે. તેને કેટલાક લોક કાબુલ પણ કહેછે.

બ્રહ્મદેશ. એ હિંદી ચીનનો એક ભાગ છે. તેના બે ભાગ છે ૧ બ્રીટીશ બ્રહ્મદેશ ને બીજો સ્વતંત્ર બ્રહ્મદેશ. તેમાંનો બ્રીટીશ બ્રહ્મદેશ એ ઇંગ્રેજને તાબે ને તેમાં આવા,

પેગુ, રંગુન, મોમ વગેરે શહેરો આવેલાં છે. આસામ, આરાકાન, તેનાસરીમ, તે ૧૮૨૬ માં તથા પેગુ ૧૮૫૨ માં ત્યાંના રાજા પાસેથી ઇંગ્રેજ સરકારે જીતી લીધાં છે.

હિંદુસ્તાનના રાજ્યકિય નિચે મુજબ ચૌદ વિભાગ કરેલા છે.

ભાગનું નામ.	મુખ્ય શેહેર.
(૧) મુંબઇઇલાકો	મુંબઇ.
(૨) મદ્રાસ ઇલાકો	મદ્રાસ, વિશાગપટન, મચ્છ-લીપટન, ત્રીચીનાપલી.
(૩) મહીસુર અને કુર્ગનાં સંસ્થાન.	શ્રીરંગપટન, મહીસુર, બેંગ-લુર, મરકારા.
(૪) વરાડ સહિત હૈદ્રાબાદ સંસ્થાન.	હૈદ્રાબાદ, ઔરંગાબાદ, જા-ફરાબાદ, દોલતાબાદ.
(૫) મધ્યાપ્રાંતો	નાગપુર, જબલપુર, સંબલપુર, કાંપતી.
(૬) મધ્યહિંદીએજન્સીનાં સંસ્થાનો.	ઉજ્જન, રતલામ, ગ્વાલીઅર, ભોપાળ, ઇંદુર.
(૭) રજપૂતસંસ્થાન	જોધપુર, ઉદેપુર, જેપુર, બાવલપુર.
(૮) પંજાબપ્રાંત કાશ્મીર સહિત.	લાહોર, દીલ્લી, મુલતાન, જા-લંધર, કાશ્મીર.
(૯) વાયવ્યપ્રાંત	અલ્હાબાદ, કાશી, આગ્રા,
(૧૦) અયોધ્યાપ્રાંત.	લખનૌ, કાનપુર, સીતાપુર.

(૧૧) બંગાળાઇલાકો — કલકત્તા, મુર્શિદાબાદ, ઢાકા, પટણા, કટક.

(૧૨) આશામનો મુલક — ગૌહતી, નવાગાવ.

(૧૩) નેપાળ ભુટાન ને *બી- જાં પહાડી સંસ્થાન — નેપાળનું ખટમંડુ ભુટાનનું ટ્યાસીટ્યુડન.

(૧૪) ભરતખંડ માંહિલાં ફ્રેંચ ને પોર્તુગીઝનાં સંસ્થાન. — પોર્તુગીઝ. ગોવા. ફ્રેંચનું ચંદ્રનગર.

હિંદુસ્તાનમાં નીચે મુજબ પાંચ ઈલાકા ને નવ પ્રાંત છે.

ઈલાકાનું નામ.

(૧) મુંબઈ ઇલાકો (૨) મદ્રાસ ઇલાકો (૩)બંગાળા ઇ-લાકો (૪) વાયવ્યપ્રાંત અને આગ્રા ઇલાકો (૫) પંજાબ ઇલાકો.

પ્રાંતનું નામ.

૧ મહીસુર ને કુર્ગપ્રાંત. ૨ હૈદ્રાબાદ સંસ્થાન. ૩ મધ્ય પ્રાંતો. ૪ મધ્યહિંદ એજન્સી. ૫ રજપુતસંસ્થાન. અયોધ્યા પ્રાંત. ૭ આશામ પ્રાંત. ૮ બ્રિટીશ બ્રહ્મદેશ. ૯ સ્વતંત્ર પહાડી રાજ તથા પરદેશી સંસ્થાન.

પ્રાંતવાર વર્ણન.

(૧) મુંબઈ ઇલાકાનું વર્ણન.

આનું વર્ણન ત્રીજા ધોરણમાં શીખવાય છે, જેથી

---

* બીજાં પહાડી સંસ્થાનમાં ટીપરાનું રાજ, મણીપુરનું રાજ, સિકીમનું રાજ વગેરે ગણાય છે.

આમાં નીરૂપયોગી જાણી લખ્યું નથી, પણ મુંબઇ ઇલાકાની સામાન્ય હકીકત થોડી થોડી નીચે મુજબ લખીછે.

મુંબઇ ઇલાકાનું સામાન્ય વર્ણન.

સીમા—હિંદી દ્વીપકલ્પની પશ્ચિમ બાજુએ મુંબઇ ઇલાકાનો સાંકડો મુલક છે. પંજાબની નૈરુત્ય શીમાથી મૈસુર સંસ્થાન અને મદ્રાસ ઇલાકાના સીમાડા સુધી એ ઇલાકાનો વિસ્તાર ૧૦૫૦ મૈલનો છે.

એ ઇલાકાની **વાવ્યે. ઉત્તરે. ઇશાને.** બલુચિસ્તાન, પંજાબ અને રજપૂત સંસ્થાનો છે. **પૂર્વ** અને **અગ્નીભણી** મધ્યહિંદ એજન્સી, મધ્ય પ્રાંતો, વરાડદેશ, નીજામનું રાજ્ય છે. **દક્ષિણે** મદ્રાસ ઇલાકો, અને મહીસુર છે. અને પશ્ચિમે અરબી સમુદ્ર છે.

હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠાનો ૨/૩ ભાગ એ ઇલાકામાં આવેલો છે. કાઠિયાવાડની બે પાસે આવેલા કચ્છના અને ખંભાતના અખાતને બાદ કરતાં બાકીનો એ કીનારો અખંડિત એક સરખો છે. ચોમાસા સિવાય બાકીના વખતમાં કાંઠાપર આવેલી ઘણીક ખાડીઓ કિનારાપર ફરનારાં વહાણો ને બંદરની ગરજ સારે છે. પરંતુ વરશા રૂતુમાં વહાણોનું રક્ષણ કરે. એવાં જમીનથી બંધીઆર થએલાં માત્ર ત્રણ બંદર છે. એક મોટું મુંબઇનું બારૂં, કરાંચીનું બારૂં, અને ત્રીજું કારવાડનું બારૂં છે. આખા મુંબઇ ઇલાકાના ૫ ભાગ કરેલા છે તેના નામ.

૧ સિંધ, ૨ કચ્છ, ૩ ગુજરાત, ૪ ઉત્તર મહારાષ્ટ, ૫ દક્ષિણ મહારાષ્ટ એમાં દક્ષિણ અને કોકણ એ બે

પ્રાંત છે. એમાં દક્ષિણ મહારાષ્ટ્ર, અને ઉત્તરે કાનડા એ બે છે.

મુંબઇ ઇલાકાની રાજધાની.મુંબઈ બેટમાં મુંબઈ શહેર છે. ઇ. સ. ૧૬૬૧ માં પોરટુગીઝના રાજાએ, ઈંગ્લાંડના બીજા ચાર્લ્સ રાજાને મુંબઈ બેટ કન્યાદાનમાં આપ્યો હતો, ત્યારથી અંગ્રેજને તાબે છે. દક્ષિણમાં **ગોવા** પોરટુગીઝને તાબે છે. (ગોવાને તાબે ૨૨૪ ચો. મા. જમીન છે.) સુરતની દક્ષિણે **દમણ** પોરટુગીઝને તાબે છે (એને તાબે ૨૨ ચો. મા. જમીન છે.) **કાઠિયાવાડની** દક્ષિણે **દીવ** નામનો બેટ છે. એ પણ પોરટુગીઝને તાબે છે, દીવ, દમણ ને ગોવા, એ પોરટુગીઝના જેવા.

સિંધ દેશ--ત્યાંના અમીરો પાસેથી ૧૮૪૩ માં સર ચાર્લ્સનેપીઅરે જીતી લીધો છે.

ગુજરાત દેશ—ગુજરાતમાંનો ઈંગ્રેજી ખાલસા મુલકનો ઘણોખરો ભાગ ગાયકવાડ પાસેથી કરારને પટે મળેલો છે.

ઉત્તર મહારાષ્ટ્ર—એ પ્રાંત ૧૮૧૮ માં પેશ્વા પાસેથી ઈંગ્રેજે જીતી લીધો.

દક્ષિણ મહારાષ્ટ્ર—એ પણ ૧૮૧૮ માં પેશ્વા પાસેથી ઈંગ્રેજે જીતી લીધોછે.

ઉત્તરકાનડા—એ મદ્રાસ ઇલાકાનો ભાગ હતો, તે ૧૮૬૧ માં મુંબઈ ઇલાકામાં નાંખ્યો છે.

એ પાંચ ભાગમાં જીલ્લા તથા એજન્સીઓ ને શહેરો નીચે પ્રમાણે છે.

૧ સિંધ—તેમાં ૫ જીલ્લા. ને એક એજન્સીછે (સંસ્થાન)

મુખ્યશેહેર.

૧ સિંધનો ઉપલો સરહદી મુલક જીલ્લો. જાકોકાબાદ.

૨ સિકારપુર જીલ્લો... ... . સિકારપુર.

૩ હૈદ્રાબાદ જીલ્લો... ... ...હૈદ્રાબાદ.

૪ કરાંચી જીલ્લો.... ... ...કરાંચી.

૫ [illegible]પારકર જીલ્લો .. ..ઉમરકોટ.

૬ ખેરપુર સંસ્થાન... ... ...ખેરપુર.

૨ કચ્છદેશ.... ... ...ભુજ.

૩ ગુજરાત. તેમાં ૫ જીલ્લા ૬ એ. ૨ સંસ્થાન મળી ૫ જી. ૮ એ. નો થયો છે.

૧ સુરત જીલ્લો .. .. સુરત.

૨ ભરૂચ જીલ્લો... ... ...ભરૂચ.

૩ ખેડા જીલ્લો... ... ...ખેડા.

૪ પંચમહાલ જીલ્લો... ... ...ગોધરા, દાહોદ.

૫ અમદાવાદ જીલ્લો... ... . અમદાવાદ.

૬ કાઠિયાવાડ એજન્સી... ... ...રાજકોટ.

૭ પાલણપુર એજન્સી .. ..પાલણપુર, ડીસા.

૮ મહીકાંઠા એજન્સી . ...સાદરા, ઈડર.

૯ રેવાકાંઠા એજન્સી ... નાંદોડ, બારીઆ,લુણાવાડા.

૧૦ ગાયકવાડ સંસ્થાન ... ...વડોદરા.

૧૧ ખંભાત સંસ્થાન .. ..ખંભાત

૧૨ પંચમહાલ એજન્સી ... ... નારૂકોટ.

૧૩ સુરત એજન્સી .. ..વાંસદા, ધર્મપુર,સચીણ.

૪ ઉત્તરમહારાષ્ટ્ર એમાં ૯ જીલ્લા અને ૭ સંસ્થાન છે.

૧ કોંકણ પ્રાંત. ૩ જીલ્લા. ૩ સંસ્થાન.

૧ થાણા જીલ્લો .. ..થાણા.

૨ જાવાર સંસ્થાન ... ...જાવાર.

૩ કુલાબા જીલ્લો... ... ...અલીબાગ.

૪ જંજીરા સંસ્થાન ... ...જંજીરા.

૫ રત્નાગીરી જીલ્લો ... ...રત્નાગીરી.

૬ સાવંતવાડી સંસ્થાન. ... . સાવંતવાડી.

૨ **દક્ષિણ પ્રાંત.** ૬ જીલ્લા ૪ એજન્સી સંસ્થાન.

૧ ખાનદેશ જીલ્લો ... .ધુળીઆ.

૨ ખાનદેશ એજન્સી... ... ...

૩ નાશીક .. ..નાશીક.

૪ પેઠ સંસ્થાન .. ..પેઠ.

૫ અહમંદનગર જીલ્લો .. .. અહમંદનગર

૬ પુના જીલ્લો . ... પુના.

૭ સતારા જીલ્લો ... . .. સતારા.

૮ સતારા જાગીર ... . ભોર, ફલટણ, ઔંધ, જત

૯ સોલાપુર જીલ્લો ... ...સોલાપુર.

૧૦ અકલકોટ સંસ્થાન... ... ...અકલકોટ.

૫ દક્ષિણ મહારાષ્ટ્ર ૪ જીલ્લાં. ૩ એ. યા. સંસ્થાન કુલ ૭ ભાગ

૬ દક્ષિણ મહારાષ્ટ્ર. ૩ જીલ્લા. ૩ સંસ્થાન

૧ કોલાદગી જીલ્લો . ...કોલાદગી.

૨ બેલગામ જીલ્લો .. ..બેલગામ.

૩ કોલાપુર સંસ્થાન... ... ...કોલાપુર.

૪ મેરેડાની જાગીર... ...સાંગલી, જમખંડી, મીરજ, કુરૂંદવાડ, મુધોળ, રામદુર્ગ.

૫ ધારવાડ જીલ્લો... ... . ધારવાડ.

૬ સાવનુર સંસ્થાન ... ...સાવનુર.

૨ ઉત્તર કાનડા. ૧ જીલ્લો.

૧ ઉત્તર કાનડા . ...કારવાડ.

ઉપરના પાંચભાગોમાં થઈને કુલ ૨૩ જીલ્લા (૯ એજન્સી તથા ૧૧ સંસ્થાન.) મળીને ૨૦ એજન્સીઓ છે. તેમાં સિંધદેશના ૫ જીલ્લા. સિવાય બાકીના ૧૮ જીલ્લા છે તેના બેભાગ કરેલા છે. તે સિવાય મુંબઈ જીલ્લો નોખોછે એટલે કુલ ૨૪ જીલ્લા છે. એકનું નામ **ઉત્તરભાગ.** અને બીજાનું નામ **દક્ષિણભાગ.** દરેક ભાગમાં એક રેવન્યું કમીશ્નર ને એક પોલીસ કમીશ્નર છે.

ઉત્તર ભાગમાં—અમદાવાદ, ખેડા, પંચમહાલ, ભરૂચ, સુરત, ખાનદેશ, નાશીક, થાણા, કોલાબા, એ ૯ જીલ્લાછે.

દક્ષિણ ભાગમાં—અહમંદનગર, પુના, સતારા, રત્નાગીરી, સોલાપુર, કોલાદગી, બેલગામ, ધારવાડ, કાનડા, એ ૯ જીલ્લા છે.

સિંધમાં—રેવન્યું કમીશ્નર તથા પોલીસ કમીશ્નર, જુદાછે ને તેમના તાબામાં ૫ જીલ્લા તથા ૧ સંસ્થાન છે.

૨ મદ્રાસ ઇલાકો.

એના પાંચ ભાગછે. (૧) ઉત્તરસિરકાર, બાલાઘાટ, કર્ણાટક, મલબાર, દક્ષિણ કાનડા.

(૧) ઉત્તરસિરકાર એની હદ ચીલકા સરોવરથી ગંડ-

લાકામાં નદી સુધીછે. તેમાં ગંજામ વિસાગપટનને રાજમહેન્દ્રી એ મુખ્ય શહેર છે.

(૨) બાલાઘાટ એ પૂર્વઘાટ, મહીસૂર અને તુંગભદ્રાની વચ્ચેછે. તેમાં કડપા. બલારી, ગુત્તી વગેરે શહેર છે.

(૩) કર્ણાટક એની ઉત્તરમાં ગંડલાકામાં નદી, દક્ષિણે કન્યાકુમારિકા, પૂર્વે બંગાલાનો ઉપસાગર ને પશ્ચિમે પૂર્વઘાટ પર્વતછે. તેમાં મદ્રાસ, ત્રીચોનાપલી, મથુરા, વાંદીવૌસ વગેરે શહેરો છે.

(૪) દક્ષિણ કાનડા તેમાં કુંડાપુર ને મંગલુર મુખ્ય શહેરો છે.

(૫) મલબાર તેમાં કાનાનુર ને ઉત્તકમંડ શહેર છે.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, પન્નેર, પજાર, પલાર, કાવેરી ને ગંડલાકામા છે.

પર્વત—પૂર્વઘાટ, પશ્ચિમઘાટ, નીલગીરી.

સરોવર—ચીલકા, કોલર, પુલીકટ એ ત્રણે ખારાં છે.

બંદર—પૂર્વકાંઠે ગંજામ વિસાગપટન, કોકણદ, મચ્છલીપટ્ટન, મદ્રાસ, પોંડિચેરી, નેગાપટન, તુંતુકુંડી. પશ્ચિમકાંઠે કોચીન, કાલીકટ, ટાલીચેરી, કાનાનુર, મંગલુર. માહી.

ભુશીર—કન્યાકુમારીકા એ હિંદુસ્તાનનું તથા મદ્રાસનું છેક દક્ષિણ બિંદુ. કાલીમેર એ નાગપટ્ટનની દક્ષિણે છે. તથા પોંઇંટદેવી એ મચ્છલીપટ્ટનની દક્ષિણે છે.

અખાત—મનારનો છે તેને ને બંગાળાના ઉપસાગરને પાલ્કની સામુદ્રધુની જોડે છે.

બેટ—મદ્રાસ ઇલાકાની દક્ષિણેલંકા, મનાર ને રામેશ્વર છે.

ફ્રેંચનાં સંસ્થાન—ચંદ્રગનર પાનાનં, પોંદ્રેચી, કારીકલ, માહી.

દેશીરાજ—પુદુકોટા ને ત્રાવણકોર છે. ત્રાવણકોરની રાજધાની ત્રીવાંદ્રમ છે. એ બે દેશીરાજ શિવાય મદ્રાસ ઈલાકાનો બાકીનો ભાગ ઈંગ્રેજ સરકારને તાબેછે. કોચીન દેશી રાજ્યછે. મુખ્ય શહેર કોચીન.

શહેરની પ્રખ્યાતી.

મદ્રાસ—(૪૦૫૮૪૮) માણસની વસ્તી છે. એ રાજધાનીનું મુખ્ય શહેરછે. તેનું બીજું નામ ચિનાપટ્ટન છે. તેમાં તે ઈલાકાનો ગવર્નર રહેછે.

ફોર્તસંટજ્યોર્જ—એ ઈ. સ. ૧૬૩૯માં ઈંગ્રેજે બાંધ્યો. **બલારી.** (૫૩૪૬૦) તેની આસપાસ ૨ પાકે છે. તથા સોનારૂપાની કારીગરીનું કામ ઘણું સારૂં થાય છે.

ત્રીચીનાપલી—(૮૪૪૪૯) એ અસલ હિંદુરાજની રાજધાનીનું શહેર હતું. તેમાં સાહેબ લોકને પીવાની બીડીઓ થાયછે. તથા સોનારૂપાની કારીગરી સારી થાય છે.

કાંજેવરમ—(કાંચી) એ પણ અસલ હિંદુરાજની રાજધાનીનું શહેર હતું. તે જાત્રાનું ઠેકાણું છે. **વિજયનગર** કર્ણાટકમાં સર્વથી પ્રખ્યાત. હિંદુરાજ હતું તે બલારીની પાસે તુંગભદ્રાને કાંઠે હજુ જોવામાં આવેછે. **તુંતુકુંડી** તેની પાસેના દરિઆમાંથી ઘણાં સરસ મોતી નીકળે છે. **મંગલુર** સોપારી ઘણી સારી થાય છે. **કારીકલ** એ બંદરે ઈંગ્રેજ વગેરે લોક સૌ પેહેલાં ત્યાં ઉતર્યા હતા. **મચ્છલીપટ્ટન** છીંટને બંદરી પાઘડી ઘણી સારી બને છે. **કોચીન**. તેમાં ઘણાંજ મોટાં સરોવર છે કે જેથી તેમાં વહાણો ચાલે છે.

ડીંડીગલ તથા **ઉત્તકમંડ** એ બે હવા ખાવાનાં ઠેકણાં છે. **રામેશ્વર** હિંદુ લોકોનું દક્ષિણમાં છેલામાં છેલું જાત્રાનું ઠેકાણુંછે તેને સેતબિંદુ રામેશ્વર પણ કહેછે. **માહી** મલબારમાં મોટું છે. ફ્રેંચને તાબેછે. **આલપલી.** સાબુ, ચોખા., ડાંગર, તેજાના થાય છે.

વિશેષ હકીકત—નિલગીરી પર્વત એ પૂર્વઘાટ તથા પશ્ચિમઘાટને જોડે છે. ને તે હવા ખાવાનું ઠેકાણું છે. કાવેરી નદીના બે ફાંટાછે તેમાંના એકને કોલિરૂન ને એકને કાવેરી કહેછે. મલબાર પ્રાંત ઉપરથી પશ્ચિમ કાંઠાનું નામ મલબાર કાંઠો પાડ્યું છે. ને પૂર્વ કિનારાપર આવેલા એક જૂના શહેર ઉપરથી પૂર્વ કાંઠાનું નામ કારોમાંડલ કાંઠો પાડ્યું છે.

પેદાશ—સાગ, નાળિએર, સોપારી, તથા મલબારી ચોખા, રૂ, ગળી, તલ, દીવેલી, ખુંદ, ખાંડ, ડાંગર વગેરે.

☞ દરેક શેહેરની આગળ કૌંસમાં જે આંકડા લખ્યા હોય તે તે શેહેરની વસ્તી છે એમ જાણવું તથા નદીઓના વર્ણનમાં જે નદીના વર્ણન પછી કૌંસમાં આંકડા મુક્યા હોય તે તે નદીની લંબાઈ જાણવી.

દ. ગો. લ. દવે.

૩ મહીસુર અને કુર્ગનાં સંસ્થાન.

સીમા—મહીસુરની દક્ષિણ, પૂર્વ ને પશ્ચિમ એ ત્રણે બાજુએ મદ્રાસ ઈલાકો આવેલો છે. તથા ઉત્તર દિશાએ મુંબઈ ઈલાકો છે.

મહીસુરનું રાજ મહીસુર અને કુર્ગ બંને મળીને થએલું છે. કુર્ગ પ્રાંત એ મહીસુરની નૈરુત્ય દિશામાં છે. ને તે ઇંગ્રેજ સરકારને તાબેછે. તેની રાજધાનીનું શહેર મરકારાછે. ને મહીસુરમાં દેશી રાજછે, તેની રાજધાની મહીસુર છે.

નદીઓ—પન્નેર, પન્નાર, પલાર, કાવેરી એ બધી નદીઓ મહીસુરમાંથી નીકળી બંગાળાના ઉપસાગરને મળે છે. તથા તુંગ ને ભદ્રા એ પણ મહીસુરમાંથી નીકળે છે. આગળ જતાં તે બંને શીમુગા આગળ ભેગી થાયછે. એટલે ત્યાંથી તેનું નામ તુંગભદ્રા ચાલેછે. તે ત્યાંથી આગળ જઈ કૃષ્ણાનદીને મળેછે.

પર્વત—મહીસુરમાં નંદીકુર્ગના પહાડ આવેલા છે તે ચારે તરફ ફેલાએલા છે.

પ્રખ્યાત શહેરો.

મહીસુર—એ રાજધાનીનું શહેરછે. **શ્રીરંગપટ્ટન**. એ આગળ હૈદરઅલીના તથા ટીપુના રાજધાનીનું શહેર હતું. તે કાવેરી નદીના એક દ્રાપુમાં બાંધેલું છે. **હરીહર** એ કસબોછે. મહીસુરમાં નીચામાં નીચો એ ભાગ છે. **બેંગલુર**. (૧૫૫૮૫૭) ચીફ કમીશનર રહેછે. **મહીસુર પ્રાંત**. જુના રાજાઓના બંધાવેલાં સરોવર તથા જુનાં ખંડેરને માટે પ્રખ્યાત છે.

પેદાશ—સાગ, સીસમ, સુખડ, સોપારી, નાળીએર, રૂંદ, ખાંડ, ડાંગર, મેવો, રેશમ અને રેશમી કાપડ વગેરે.

૪ વરાડ સહીત હૈદ્રાબાદ સંસ્થાન.

તે રાજ્ય ઈ. સ. ૧૭૨૪માં નિઝામ ઉલ્મુલ્કે બાંધ્યું તે-

થી તેને નિઝામનું રાજ પણ કહેવાય છે. તેમાં બે ભાગ છે. (૧) હૈદ્રાબાદ. (૨) વરાડ. હૈદ્રાબાદ એ નીઝામને તાબેછે, ને વરાડ એ ઇંગ્રેજ સરકારને તાબેછે. તેની ઉત્તરે તથા પૂર્વે મધ્ય પ્રાંત, દક્ષિણે મંદ્રાસ ઇલાકો ને પશ્ચિમે મહારાષ્ટ્ર દેશ છે.

નદીઓ—ગોદાવરી, કૃષ્ણા, મુશી, મંજીરા, પેનગંગા, પૂર્ણા, તુંગભદ્રા, વરધા અને ભીમા.

સરોવર—લુનાર એ ખારા પાણીનું છે. તેમાંથી મીઠું પાકતું પણ હાલમાં તેનું પાણી કોઈ બહાર કાઢી નાંખતું નથી તેથી મીઠાની ઉપજ નથી થતી.

દુઆબ—રાયચુર તે કૃષ્ણ ને તુંગભદ્રા વચ્ચેછે.

પ્રખ્યાત શેહેરો.

હૈદ્રાબાદ—(૩૫૪૯૬૨) એ મુશી નદી ઉપર છે. તેનું અસલનામ ભાગનગર હતું. હાલ તે નિઝામની રાજધાનીનું શહેર છે. **શીકંદરાબાદ** છાવણી રહેછે. ને હૈદરાબાદ જેવડું મોટુંછે. **વરંગુળ** તેમાં તૈલંગણના રાજાની અસલ રાજધાની હતી. **ઔરંગાબાદ**. રેશમીજરીના કાપડને માટે પ્રખ્યાત છે. **જાલના** રૂનાં કારખાનાં છે. તેમાં લશ્કરી છાવણી રહેછે તથા રેશમનાં કારખાનાંછે. **અસાઈ**. જાલનાની ઉત્તરે છે. ત્યાં મરેઠાને ઇંગ્રેજે હરાવ્યા હતા. **ગોળકોંડા** હીરાની અસલ ખાણો હતી. ને બ્રાહ્મણીવંશના એક ભાગની તેમાં રાજધાની હતી તથા તે શિવાય **બેદર** **વિજાપુર**, **ઈલીચપુર** તેમાં બ્રાહ્મણીવંશના ત્રણ ભાગની રાજધાની હતી. **પૈઠણ**. ગોદાવરીને કાંઠે છે તેમાં શાલીવા-

હતની રાજધાની હતી. **કલબુર્ગ, બેદર.** તેમાં બ્રાહ્મણી-વંશની રાજધાની હતી. **દોલતાબાદ** તેનું બીજું નામ દેવ-ગિરિ તેમાં રામદેવના વંશજોના રાજાઓની રાજધાની હતી. **નિર્મળ, નાંદેદ** એ ગોદાવરી નદી ઉપર મોટાં શહેર છે. **ઇલોરા** પર્વતમાં કોતરી કાઢેલ દેરાંને માટે પ્રખ્યાતછે. **બેદર** એ મંજીરા નદીપર સોના રૂપાના વર્કની કારીગરીનાં પા-તળનાં વાસણને માટે પ્રખ્યાતછે. **વરધાનદી.** તેના પાસે કોયલાની ખાણો નીકળે છે, બેદરમાં ભાસ્કરાચાર્ય પંડિત જનમ્યા હતા.

પેદાશ—મુખ્ય રૂનીછે તથા હમણાં દક્ષિણ વરાડમાંથી કોયલા નીકળે છે.

(૫) મધ્ય પ્રાંત.

હદ—એના ઉત્તરે માળવા, દક્ષિણે વરાડ, પૂર્વે બંગાળા ને પશ્ચિમે મુંબઈ ઇલાકો છે.

નદીઓ—બેટવા, વર્ધા, તાપી, નર્મદા, વાઇનગંગા, મહા **પર્વત.** સાતપૂડા, વિંધ્યાચળ, અમરકંટકના ડુંગરા.

પ્રખ્યાત શહેર.

જબલપુર (૭૫૭૦૫) નર્મદાનદી ઉપર તંબુને માટે પ્રખ્યાત. તેમાં ફાંસીઆ કે ઠગ લોકનાં છોકરાંને ભણાવવાની નિશાળ છે. તેની પાસે આરસ નીકળે છે. **નાગપુર** નાગમતી નદી ઉપર ધોતીજોટા માટે પ્રખ્યાત છે. (૯૮૨૯૯) વસ્તી, **બુરાનપુર** તાપી નદી ઉપરછે. તે પેહેલાં મલમલ, રેશમી બુટાદાર કાપડ તથા કસબી વણાટને માટે પ્રખ્યાત હતું. તે મુસલમાની શહેર છે તેમાં સેલાં સારાં થાય છે.

સાગર લશ્કરની છાવણી છે. **સંબલપુર** મહા નદી ઉપર છે તેમાં હીરાનો વેપાર ચાલે છે. **ઈલીચપુર** પુર્ણા નદી ઉપર લશ્કરની છાવણી છે. તાપીનદીના મૂળ આગળ તે બ્રાહ્મણી વંશની રાજધાનીનું શહેર કહેવાતું. **કાંપતી** (૫૦૯૮૮) લશ્કરની છાવણી છે. **હીંગણઘાટ** તેમાં રૂ થાય છે. **ઉમરાવતી** રૂના વેપારનું ઠેકાણું છે. **છતીસગઢ** તેના છત્રીસ ભાગ છે. **અકોલે** લશ્કરી છાવણી છે. ને તેમાં રૂ થાય છે. **બસ્તાર** ગોદાવરી નદી ઉપર છે તેનું બીજું નામ જગદલપુર **ચંદા** ગોંડની રાજધાની હતું તેની પાસે કોયલા ને લોઢાની ખાણો હતી. **નાગપુર છતીસગઢ** ને **સબલપુર** એ ત્રણે શહેરમાં ચોખાનો પાક સારો થાય છે. **ભંડારા** એ નાગપુર પાસે છે તેમાં ભરતકામ સારૂં થાયછે. **ખંડવા** ઘઊંની પેદાશ સારી છે.

ઉપજ—રૂ ને કોયલા મુખ્ય છે. અને સાતપૂડાના ઢાળમાં, સાગ, સાલ, મહુડાં, તલ, દીવેલી વગેરે થાય છે. ને સાતપૂડા ઉપર ઘઊં તથા ઊંચી જાતની બાજરી થાય છે. દેશી કાપડ, ચામડાં, ઘી, ધાતું, લાખ, રંગ, વગેરે મુંબઈ તથા હિંદુસ્તાનના બીજા ભાગમાં જાય છે.

વિશેષ હકીકત—ભીલ, ગોંડ, કોળી, વગેરે જાતના લોકની વસ્તી છે. તે પ્રાચીન માળવાનો ભાગ પણ ગણાય છે. મધ્ય પ્રાંત એમાં અમરકંટક ને ગોંડવન એ બે મેદાન છે. નર્મદા અમરકંટકમાંથી ને મહા ગોંડવનમાંથી નીકળે છે. આશિરગઢ જે કિલ્લો છે તેને મુગલાઈ વખતમાં દ-

ક્ષિણની ભાગોળ કહેતા. તેજ આશિરગઢના આગળ સાતપૂડો નીચો છે.

(૬) મધ્યહિંદ એજન્સી.

એના ચાર ભાગ છે. (૧) સિંધીઆનું રાજ, (૨) હોલકરનું રાજ, (૩) બુંદેલખંડ, ને રેવાનું રાજ્ય, (૪) ભોપાળનું રાજ્ય. **સિંધીયાનુંરાજ** તેના પેટાભાગ બે છે. રતલામ ને ઝાંસી. **હોલકરનુંરાજ** એમાં અજમેરા ને જંબુવા એવા બે પેટા ભાગ છે. **ભોપાળનું રાજ** તેમાં મુસલમાની રાજછે. હાલ બેગમ રાજ ચલાવેછે. **બુંદેલખંડ** એમાં બે દેશીરાજ છે. (૧) છત્રપુર, પન્નાનું (૨) રેવાનું.

નદીઓ—સોન, નર્મદા, ચંબલ, બેટવા, સિંધ, **પર્વત.** વિંધ્યાચળ પર્વતની શાખા કૈમોર એ રેવાના રાજમાં છે. **નીકાસ.** માળવામાં ઘઉં, તંબાકુ, અફીણ, શેરડી, રૂ અને જૂદી જૂદી જાતનું ધાન્ય પણ પુષ્કળ પાકે છે.

પ્રખ્યાત શહેર.

પન્ના ને અર્ચા (તેહરી) બેટવા નદી પાસેછે. ને હીરા તથા બીજા અમુલ્ય ખનિજોને માટે પ્રખ્યાતછે. પન્નાના હીરા અસલ ગોવળકોંડામાં વેચાતા હતા. **માહુ** છાવણી છે. **ધાર** મોટો કિલ્લો છે તેમાં ભોજની રાજધાની હતી. **નીમાર** ચિતુ પીંડારાની રાજધાની હતી. **ગ્વાલીઅર** સિંધીઆની રાજધાની મોગલ પાદશાહના વખતમાં રાજ કુટુંબના માણસોને તેમાં કેદ કરતા હતા. ને તેમાં હાલ છાવણીછે. **ઉજ્જન** ક્ષિપ્રા નદીપર છે. તે વિક્રમ રાજાની તથા પ્રાચીન માળવાની રાજધાની હતી. **ઇંદુર.** (૭૫૪૦૧)

હોલકરની રાજધાની છે. **નીમચ** છાવણી છે. **રતલામ.** અફીણ તથા છાયલ સારાં થાય છે. **મંદેસર** હુમાયુ તથા અલાઉદ્દીન લોદીને ૧૫૩૫ માં લડાઈ થઈ હતી. **લશ્કર** (૮૮૦૦૦) ગ્વાલીઅર પાસે નવું શહેર વસેલું છે. **મોરાર** ગ્વાલીઅર પાસે ઇંગ્રેજ તાબાનું શહેર છે. **રેવા** વાઘેલા રજપૂતનું સંસ્થાન છે. **ભોપાળ** (૫૫૪૦૨) એમાં બેગમ રાજ કરે છે.

વિશેષ હકિકત ઉપર જે ચાર ભાગ કહ્યા તે સિવાય બીજા દરજાનાં ૨૩ ને તેથી પણ નાનાં ૪૪ સંસ્થાન આ રાજ્યમાં છે.

રજપુત સંસ્થાન.

હદ—એની ઉત્તરે સતલજ નદી અને પંજાબનાં દેશી રાજ, દક્ષિણે ગુજરાત ને મધ્યહિંદી એજન્સીનો કેટલોક ભાગ, પૂર્વે આગ્રા, ગ્વાલીઅર ને ઇંદોર સંસ્થાનો, પશ્ચિમ સિંધ દેશ છે.

આ સંસ્થાનમાં નીચે મુજબ જૂદા જૂદા ૨૧ ભાગ છે.

ભાગનું નામ.	**મુખ્ય શહેર.**
રજપૂત સંસ્થાન.	
(૧) મેવાડ (ઉદેપુર)	ઉદેપુર, ચિત્તોડ
(૨) મારવાડ (જોધપુર)	જોધપુર
(૩) જયપુર	જયપુર.
(૪) બુંદી	બુંદી.
(૫) વિકાનેર	વિકાનેર.
(૬) કોટા	કોટા.

(૭) કિરૌલી	કિરોલી.
(૮) કિસનગઢ	કિસનગઢ.
(૯) જસલમીર	જસલમીર.
(૧૦) અલવડ	અલવડ, માચેરી.
(૧૧) શિરોહી	શિરોહી.
(૧૨) ડુંગરપુર	ડુંગરપુર.
(૧૩) વાંસવાડા	વાંસવાડા.
(૧૪) પ્રતાપગઢ	પ્રતાપગઢ.
(૧૫) ઝાલાવાડ (ઝાલણાપટન)	ઝાલણાપટન.
(૧૬) નાગોર	નાગોર, પાલી.

જાટનાં સંસ્થાન.

(૧૭) ભરતપુર	ભરતપુર, દીગ.
(૧૮) ધોળપુર	ધોળપુર.

મુસલમાની સંસ્થાન.

(૧૯) ટોંક	ટોંક.
(૨૦) ભાવલપુર આ સંસ્થાનને કેટલાક પંજાબ પ્રાંતમાં ગણેછે.	ભાવલપુર, ઊચ્ચ, અહમદપુર.

ઈંગ્રેજ તાબાનો મુલક.

(૨૧) અજમેર	અજમેર ને નસિરાબાદ.

નદીઓ—ધારા, લુણી, સાબરમતી, બરાસ ને ચંબલ. **પર્વત** આબુ, અરવલી ને ચિતુરના ડુંગરા. **સરોવર** ઢેબર, સાંભર વગેરે. **પેદાશ** અનાજ, તમાકુ, રૂ, અફિણ, શેરડી, શાંઢણીયું, હીંગ વગેરે.

પ્રખ્યાત શહેર.

જેપુર (૧૪૨૫૭૮) એ શહેરની બાંધણી ઘણી સરસ છે ને તે ચિત્રને માટે પ્રખ્યાત છે. **ચિતુર** (ચિતોડ) શ્રીનાથજીનું જાત્રાનું ઠેકાણુંછે. ત્યાંનો કિલ્લો લડાઇમાં પ્રખ્યાત છે. ને તે અસલ મેવાડની રાજધાની હતું. **શિરોહી** તરવારો થાય છે. ને તેમાં રજપુત સંસ્થાનનો પોલીટીકાલ એજંટ રહે છે. તથા તેમાં કિંગ કોલેજ છે. **નસીરબાદ** છાવણી છે. **વિકાનેર** સાંઢણીઓ ઘણી સારી થાય છે. **જોધપુર** મારવાડની રાજધાની છે. તેમાં હાથીદાંત ચામડાં ને કાચનો સોબીતો સામાન થાય છે. **ઉદેપુર** મેવાડની રાજધાની તેનાથી થોડે છેટે બ્રાહ્મણ ધર્મનું પુષ્કરજીનું મોટું તિર્થનું ધામ છે. તેમાં બ્રહ્માનું દેરૂં છે. ને ત્યાં તેજ નામનું તળાવ છે. **આબુ** એમાં અંબાભવાનીનું મોટું દેરૂં છે. **મારવાડ** આરસ ને ઇમારતી પથરા જડેછે. **પાલી** હીંગ વખણાય છે. **ડુંગરપુર** એમાં મુર્તિઓ ઘણી સારી થાય છે. **ધોળપુરનું** બીજું નામ ગોહદ છે. **જસલમીર** જૈનનાં પુસ્તક ભંડાર ઘણાં જુનાં છે. ને ત્યાંના કૂવા ઘણા ઊંડા છે.

પ્રતાપગઢ બૈરાંને પહેરવાનાં પાકા ગળીયલ રંગનાં છાયલ થાય છે. ને રંગાટ કામ સરસ થાય છે.

વિશેષ હકીકત—સૌથી પ્રખ્યાત ઉદેપુરના મહારાણા છે. ને તે ભરતખંડમાં સૌથી ઊંચ કુળના ગણાયછે. અરવલી પર્વતની પૂર્વે લોકો ઉનનો તથા સુતરનો માલ બનાવે છે. હાથીદાંતની કોતરણી કરેછે. ને ધાતુનાં વાસણ બનાવે

છે. ને ઘણાં વરસ સુધી ઘસાઈ ન જાય તેવી કલાઈ ચડાવે છે.

ઉદેપુર, ડુંગરપુર, ને પ્રતાપગઢમાં સિસોદીઆ રજપુતનું રાજ છે. બુંદી ને કોટામાં હાડા રજપૂતનું રાજ, ઝાલણાપાટનમાં ઝાલા રજપૂતનું રાજ, જયપુરમાં કછવા, કિરોલી તથા જસલમીરમાં ભાટી રાજાનું રાજ ને શિરોહીમાં પરમાર જાતના રજપૂતનું રાજ છે.

૮ પંજાબ પ્રાંત.

(કાશ્મીર તથા પત્સાલાના દેશી રાજ સહિત)

(પંચ=પાંચ+આબ=પાણી) પાંચ મોટી નદીઓ વચ્ચેના પ્રદેશને પંજાબ કહેછે. તેની ઉત્તરે સિંધુ નદી તથા કારાકોરમ પર્વત. દક્ષિણે રજપુતસંસ્થાનનો ઊંચ પ્રદેશ. પૂર્વે ચિનાઇ તીબેટ, પશ્ચિમે સુલેમાન પહાડ છે. એમાં કેટલોક ઇંગ્રેજનો, કેટલોક દેશી ને કેટલોક શીખનો મુલક છે.

શીખનાં સંસ્થાન. પત્સાલા, જીંદ, નભા, કપૂરથલા, ફરિદકોટ, સરહીંદ ને કળશીયા છે. **કાશ્મીર** તેમાં દેશી રાજા રાજ કરે છે. **નદીઓ.** સિંધુ, ઝેલમ, બીઆસ, રાવી, ચીનાબ, સતલજ. **પર્વત.** હિમાલય, સુલેમાન ને મીઠાના ડુંગર છે. **હિમાલયના રસ્તા.** પીરજમલ ને બરમૂલા, સરોવર વુલર. **હવા ખાવાનાં ઠેકાણું.** શીમલા ને મરી છે.

દુઆબ.

દુઆબનું નામ,	કઈ કઈ નદીની વચ્ચે છે.	તેમાં આવેલાં શેહેર.
(૧) જાલંધર	સતલજ ને બીઆ.	જાલંધર ને લુધીઆના,

(૨) બારી.	બીઆસ ને રાવી	લાહોર, અમૃતસર, મુલતાન.
(૩) રચના.	રવિ ને ચિનાબ.	રામનગર
(૪) જેમ.	ઝેલમ ને ચિનાબ.	ગુજરાત ને ચિલીઆન વાળા.
(૫) સિંધસાગર	જેલમ ને સિંધુ.	અટક, રાવળપીંડી, જેલમ, મીટનકોટ ડેરા ગાજીખાં ને પેશાવર.

પ્રખ્યાતી.

ઝેલમ. ત્યાં શીકંદર ને પૌરસને લડાઇ થઇ હતી. **લાહોર**(૧૪૯૩૬૯) લેફ્ટેનેન્ટ ગવર્નર રહેછે. ને શેત્રંજી બનેછે **અમૃતસર** (૧૫૧૮૯૬) રૂ, રેશમ, શેત્રંજી, ને કાસ્મીરી સાલો બને છે. તથા શીખનું પવિત્ર ધામ છે. ને રણજીત સિંહનો બંધાવેલો ગોવિંદગઢ છે ને તેમાં મોટું તળાવ છે.

મુલતાન. (૬૮૬૭૪) રૂ, રેશમ, સાલ, જરીઆન, શેત્રંજીઓ, પોલાદના સામાન ઉપર સોના રૂપાના વરક ચઢાવે છે. તેમાં લશ્કરી છાવણી છે. ને આંબાનાં વનો ઘણાં છે. **ગુજરાત.** ઇંગ્રેજ અને શીખને મોટી લડાઇ થઇ હતી. **અટક.** તેનો કિલ્લો અકબર બાદશાહે બાંધ્યો છે. **પેશાવર** (૭૯૯૮૨) છાવણી છે. ઉનનાં કપડાં ને શેત્રંજીઓ બનેછે ને ત્યાંના ચોખા આખી દુનિઆમાં વખણાય છે. **લુધીઆના.** સાલો ને કાપડ બને છે. **સ્થાનેશ્વર** એ મહમુદ ગીજનવીએ ઇ. સ. ૧૦૧૩ માં લુંટી લીધું હતું **રાવળપીંડી**

(૫૨૯૭૫) છાવણી છે. **દીલ્હી.** (૧૭૩૩૯૩) હાલ જેમ હિંદુસ્તાનની રાજધાની કલકત્તા છે. તેમ તે અસલ રાજધાનીનું શહેર હતું. સુતરાઉ કાપડ, રેશમ તથા ઝવેરાત કામનાં કારખાનાં છે. **શીમલા.** હવા ખાવાનું ઠેકાણું છે. ત્યાં કલકત્તાનો ગવર્નરજનરલ હવા ખાવા આવે છે. **અંબાલા.** (૬૭૪૬૩) લશ્કરી છાવણી છે.

વિશેષ હકીકત કાલા બાગથી કરાંચી સુધી સિંધુ નદીમાં આગબોટ ચાલે છે. પાંચ નદીઓ ઉપરથી પંજાબ નામ પડયું છે. કાશ્મીરમાં ઘણી ઊંચી જાતની સાલો બને છે. પંજાબમાંથી કાશ્મીરમાં થઇ પૂર્વ તાર્તરીમાં જવાને બે રસ્તા છે. પંજાબી લોક તે રસ્તે યારકંડ શહેરના લોકો સાથે વેપાર ચલાવે છે. કાલાબાગ પાસેના ડુંગરામાંથી મીઠું નીકળે છે.

૯ વાયવ્ય પ્રાંત.

એની ઉત્તરે નેપાળ અયોધ્યા ને હિમાલય પર્વત. દક્ષિણે સિંધીઆનું રાજ ને બુંદેલખંડ પુર્વે બંગાળા ઇલાકો પશ્ચિમે પંજાબ ને રેજપૂત સંસ્થાન છે. એમાં ત્રણ મોટા ભાગ છે. (૧) દીલ્હી, (૨) અલ્હાબાદ, (૩) આગ્રા. **નદીઓ.** ગંગા, જમના, ગોમતી, ગોગરા, ગંડકી, રામગંગા. **પર્વત.** હિમાલય ને શિવાલીક છે. તથા હિમાલયનાં શિખર ગંગોત્રી ને જમ્નોત્રી પણ તેમાં છે. **જાત્રાનાં ઠેકાણાં.** કાશી, હરદ્વાર, બદ્રીનાથ, મથુરા, પ્રયાગ (અલ્હાબાદ)

ગયા, વનરાવન, દુઆબ—અંતરવેલી તે ગંગા ને જમના વચ્ચે છે. **દેશીરાજ** રામપુર ને તેહરી.

પેદાશ. સાગ, વાંસડા, ઘઉં, જવ, બાજરી, ખાંડ, લાખ, સુરોખાર વગેરે. વાયવ્ય પ્રાંતમાં ઝાડ થોડાં ઉગેછે.

પ્રખ્યાત શહેર.

બનારસ. (૧૯૯૭૦૦) હિંદુઓની તીર્થની જગ્યા છે. સોના રૂપાનું કામ, જરીઆન કપડાં, લોટા, પીતાંબર વગેરે બનેછે. ત્યાં હિંદુઓનાં આશરે ૧૦૦૦ દેરાં છે. ને મુસલમાનની ૩૩૦ મસીદો છે. તેનાં બીજાં નામ કાશી, ને વારાણસી છે. **ગાજીપુર** ગુલાબનું અત્તર બને છે. **ગોરખપુર** (૫૭૯૨૨) રાપતી નદી પર જૈન લોકોનું તિર્થનું ધામ છે. તથા તેમાં ગોરખનાથજીનું મોટું મંદિર છે. **મીરજાપુર** (૫૬૩૭૮) રૂ, રેશમ ને શેત્રંજી બને છે. **અલ્હાબાદ** (૧૪૮૫૪૭) લશ્કરી છાવણી છે ને જાત્રાનું ઠેકાણું છે. એનું બીજું નામ પ્રયાગ. ગંગા જમના ને સરસ્વતી એ ત્રણેના સંગમ ઉપર છે. ઊંચી જાતની માટીનાં, કલાઇ તથા પીતળનાં વાસણ ઘણાં સારાં બને છે. **કાનપુર** (૧૫૧૪૪૪) લશ્કરી છાવણી છે ને ચામડાનો સામાન તથા બાજરી થાય છે. **આગ્રા.** (૧૬૦૨૦૩) તંબાકુ સારી થાયછે. ને તેને કિલ્લો છે. તથા ત્યાંનો તાજ મેહેલ આખી દુનિઆમાં વખણાય છે. **કનોજ** પ્રાચીન શહેર છે. **મથુરાં** તેમાં કૃષ્ણ જન્મેલા તેથી તે હિંદુ લોકનું જાત્રાનુ ઠેકાણું ને પેંડા સારા થાય છે. **બરેલી.** લોઢાનો સામાન તથા શેત્રંજી ને ભરત કામ ઘણું સારૂં થાય છે. **મીરત.** (૯૯૫૬૫)

ગંગા નદી ઉપર તેમાં લશ્કરી છાવણી છે. **અલીગઢ** એમાં આખા હિંદુસ્તાનની પોષ્ટ ઓફીસોનો સામાન બનાવાની મોટી પેઢી છે. **બીથુર.** એ કાનપુર પાસે છે તેમાં છેલા બાજીરાવ પેશ્વાને વરખાસન બાંધી આપી રાખ્યો હતો. **અનુપ** ગંગાને કાંઠે ફતેગઢ પાસે શહેર છે. **રામપુર** (૭૪૨૫૦) એ રોહિલખંડમાં છે. તેમાં ચોખા,ખાંડ ને કપડાં ઘણા સારા બને છે. **તેહરી** ડુંગરામાં છે ને તે રજપૂતને તાબે છે. **ફતેપુર** તેનું બીજું નામ શીક્રીત્યાં બાબર તથા સંગને ઇ. સ. ૧૫૨૭ માં લડાઇ થઇ હતી. **ચુનાર.** શીરશાહની રાજધાની હતી. **કનોજ** આગળ રાઠોડ રાજાની રાજધાની તેમાં હતી.

વિશેષ હકીકત. રોહીલખંડનું મુખ્ય શહેર બરેલી છે. તેને વાંસ બરેલી કહે છે. હિમાલયની ચાહ આખી દુનિઆમાં વખણાય છે. અલ્હાબાદ આગળ ગંગા વધારેમાં વધારે ઊંડી છે એટલે ૪૫ ફુટ ઊંડી છે. ત્યાં આગળથી જાત્રાળુ લોકો ગંગાજળ ભરે છે.

૧૦ અયોધ્યા પ્રાંત.

હદ. એની દક્ષિણ પૂર્વ ને પશ્ચિમ દિશાએ વાયવ્ય પ્રાંત ને ઉત્તરે નેપાળનો મુલક છે.

નદીઓ. ગંગા, ગોમતી, રામગંગા, સરઇ, રાપ્તી, ગોગરા. **પેદાશ.** ઘઉં, ખાંડ, તલ, ચોખા, તંબાકુ, અફીણ, ગળી, થોડું રૂ, તથા દીવેલી થાય છે. ને દીવેલી પ્રદેશ ખાતે પણ જાયછે. આંબા ને મવડાની વાડીઓ ઘણીછે.

પ્રખ્યાત શહેર.

અયોધ્યા. એમાં રામનો જન્મ થયો હતો. ને તેમનું એ વસાવેલું હતું તેનો ઇ. સ. પૂ. ૧૪૨૬ માં નાશ થયો પાછું તે ઇ. સ. પૂ. ૭૮ માં વિક્રમે ફરી વસાવ્યું તે સરયુ તથા ગોગરા નદી ઉપર છે. ને રામની રાજધાની તેમાં હતી. **લખનૌ** (૨૬૧૩૦૩) રાજધાનીનું શહેર છે. ને ગોમતી નદી પર છે. તેમાં ભરત કામ તથા ગાયન ઘણું સારૂં થાય છે. **ફૈઝાબાદ.** (૫૫૫૭૦) મલમલ સારૂં વણાતું. કપડ ને ધાતુનાં કારખાનાં છે.

વિશેષ હકીકત. આંબા ને મહુડાંની વાડીઓ ઘણીછે પંજાબ ને વાવ્ય પ્રાંતના જેવી હવા છે, પણ તડકો ને ટાઢ તેમના જેવી નથી. હાલ તે પ્રાંત વાયવ્ય પ્રાંત સાથે ભેળી દીધો છે.

૧૧ બંગાળા ઇલાકો.

હદ એની ઉત્તરે નેપાળ, ભુટાન ને સિકીમ. ને આસામનો મુલક પૂર્વે મણિપુરનું દેશી રાજ ને બ્રહ્મદેશ. દક્ષિણે બંગાળાનો ઉપસાગર ને મદ્રાસ ઇલાકો પશ્ચિમે મધ્ય પ્રાંત, બુંદેલખંડ, ને વાયવ્ય પ્રાંતો છે. એના ચાર ભાગ કરેલા છે. (૧) **બંગાળા.** કલકત્તા. (૨) **બહાર** પટણા. (૩) **ઓઢીઆ** કટક ને (૪) **આસામ.** એનું વર્ણન જુદું કર્યું છે. ગૌહત્તી.

નદીઓ. ગંગા, ટીપરા, બ્રહ્મપુત્રા, હુગલી, સોણ,

ગંડકી, ગૌશકી, ગોગરા, દામોદ્રા, ભાગેરથી, સુરમા, મહા, વૈતરણી, બ્રાહ્મણી, સુવર્ણરેખા, સોણ અને કિર્તિનાશા વગેરે. **પર્વત.** હિમાલય રાજ મહાલ, છોટા નાગપુર ને ઓઢીઆના ડુંગરા છે. **ફ્રેંચનો મુલક** ચંદ્ર નગર **વલંદાનો મુલક** ચીનસુરા. **બંદર** જગન્નાથ, કટક, બાલાસુર, કલકત્તા, મતલાહ વગેરે.

બંગાળાને લગતાં દેશી રાજ. મણિપુર, ટીગરા, કાસ્ય (ખસ્ય) કુચબહાર, કાચાર, સીક્કિમ, કુશના રાજમાં ચિરાપુંજીમાં ૬૧૦ ઈંચ વરસાદ પડે છે. એટલે આખી દુનિઆમાં સૌ કરતાં ત્યાં ઘણાંમાં ઘણો વરસાદ પડે છે. ઓઢીઆની પાસે જેપુર ને છોટા નાગપુરનું દેશી રાજ્યછે

અખાત. બંગાળાનો ઉપસાગર ને બાલાસુરનો અખાત છે. **જાત્રાનાં ઠેકાણાં** જગન્નાથ, ગયા ને ઝાડખંડી વૈજનાથ. **હવાખાવાનાં ઠેકાણાં** દાર્જીલીંગ ત્યાં લંડનના જેવી હવા છે. ને હજારી બાગ. **ભુશીર.** પોઇંટપાલમૈરા, તે મહા નદીના મુખ પાસે છે. **પેદાશ.** રેશમ, ચા, ખાંડ, ચોખા, ગળી, અફીણ તથા બ્રહ્મપુત્રા નદીમાંથી સોનાની રેતી નીકળે છે અને હિમાલય પર્વતમાંથી દાર્જીલીંગ પાસેથી સ્લેટ, લોઢું ને તાંબુ નીકળે છે.

પ્રખ્યાત શહેર.

કલકત્તા. (૪૩૩૨૧૯) હુગલી નદી ઉપર હિંદુસ્તાનની રાજધાની છે. તેમાં ગવર્નર જનરેલ રહે છે. તેમાં મહાકાળીનું સ્થાનક છે. **મુર્શિદાબાદ.** એ ગંગાને કાંઠે અસલ બંગાળાની રાજધાની હતી. તે મુર્શિદ કુલીદખાં નામે

નવાબે આબાદ કર્યું. તેમાં બંગાળાનો હાલ નામનોજ નવાબ જે છે તે રેહે છે. રેશમી કાપડ, ગાલીચાનાં કારખાનાં છે. હાથી દાંતનો સામાન ને સોના રૂપાના ઘાટ સારા બને છે. **ઢાંકા.** (૭૯૦૭૬) બ્રહ્મપુત્રા નદી ઉપર છે. રેસમનું કાપડ સારૂં થાય છે. ને મલમલ તથા સાબુ વખણાય છે. **રાણીગંજ** કોયલાની ખાણોછે. **રાજમહાલ** બંગાળાના નવાબ સુજાની રાજધાની હતી. તેનું બીજું નામ અકબરાબાદ છે. **પટણા** (૧૭૦૬૫૪) તેની પાસે પાટલીપુત્ર હતું તેમાં ચંદ્રગુપ્તની રાજધાની હતી. ને અફીણ સારૂં થાયછે. **ચીતાગોંગ** (ચિત્તગોંગ) વહાણ બાંધવાનું ને સુતારનું કામ સારૂં થાયછે. **બાલાસુર** ડેન્માર્ક લોકોની તેમાં અસલ લાતી હતી.

મોંગીર — (૫૫૩૭૨) સુતારને લુહાર કામ સારૂં થાયછે. ગંગાને કાંઠેછે ને તેમાં લશ્કરની છાવણી છે. લડાઇનાં હથીઆર ને લોહાના સામાનનાં કારખાનાં છે. તેથી તે જેમ ઇંગ્લાંડમાં બરમીગહામ છે તેમ આ હિંદુસ્તાનનું બરમીંગહામ કહેવાય છે. **બુરાનપુર** (બેહરામપુર) મુર્શિદાબાદની દક્ષિણે છે. તેમાં લશ્કરી છાવણીને કાલેજ છે. **પ્લાસી** બંગાળાની રાજધાની હતી ત્યાં ઇંગ્રેજ તથા બંગાળાના નવાબની મોટી લડાઈ થઇ હતી. **બરદ્વાન** ત્યાંનો નામનો રાજા ઉત્તર હિંદુસ્તાનમાં જમીનદાર કહેવાય છે. **જગન્નાથપુરી** તેમાં એક મોટું જગન્નાથજીનું દેવળ ઈ. સ. ૧૧૯૮ માં બંધાએલું છે. તેનો ખરચ જાત્રાળુ લોકથી નભેછે. પેહેલાં રથ યાત્રાને દહાડે યાત્રાળુ લોક રથના પૈડા

નીચે કચ્ચરાઈ મરતા. પણ હાલમાં તે બંધ કરેલ છે. **દીનાપુર.** લશ્કર રહેછે. **ગયા.** (૭૬૪૧૫) બૌધ ધર્મના ઈતિહાસમાં નામિચું છે. તેની પૂર્વે પારસનાથનો ડુંગર છે. તે જૈન લોકની પવિત્ર જગ્યા છે. **ભાગલપુર.** તેની પાસે પ્રાચીન બે મિનારાછે. (૬૮૨૩૮)**બરાકપુર.** કલકત્તાના ઉત્તરમાં ઇંગ્રેજી લશ્કરના સિપાઇઓને રહેવાનાં મકાન (બરાકો) છે. તથા ગવર્નર જનરલને હવા ખાવાને બગીચો છે.

વિશેષ હકીકત. ગંગાના મુખ પાસે ત્રિકોણ પ્રદેશ છે તેને સુંદર વન કહે છે તેની હવા ઘણી ખરાબ છે. સિકીમ ને મણિપુર એ બંને રાજ ખંડીયા છે. કલકત્તાની નૈરૂત્યમાં તામુલીક તે કુશી નદી ઉપર એક રજવાડાની રાજધાની છે. ત્યાં મીઠું પાકે છે. ચિરાપુંજી પાસે કાયલા ને લોઢું નીકળે છે. બંગાળાની ખાંડ ઘણીજ વખણાયછે.

૧૨ આસામ પ્રાંત.

એ બંગાળા ઈલાકાનોં એક ભાગછે. તેની ઉત્તરે ભૂટાન, દક્ષિણે ને પશ્ચિમે બંગાળા, પૂર્વે બ્રહ્મદેશ ને મણિપુરનું રાજ. **નદી** બ્રહ્મપુત્રા. **પર્વત.** હિમાલય છે.

પ્રખ્યાત શહેર.

ગોહતી—રાજધાનીનું શહેર છે. તેમાં સુરોખાર થાય છે. **નવગામ.** બ્રહ્મપુત્રા નદીપર છે.

વિશેષ હકીકત—આસામમાં પૂર્વ દિશાએ જે છેલા ડુંગરાછે, તેને નાગ, ખાસ્યા, જીત, તેહને ગારો કહેછે. **પેદાશ.** ખનીજ સારા કોયલા, લોઢું, રૂ, ફળ, શાકભાજી,

